| Publication: Dhabkar | Pg No: 9 |
|---|---|
| Edition – Print | Date – 27.09.2021 |

**Four high-impact social entrepreneurs nominated as finalists of the 'Social Entrepreneur of The Year' Award by Schwab Foundation & Jubilant Bhartia Foundation**


ધબકાર

૬ ૨૧-૦૯-૨૦૨૧ મંગળવાર


# 'સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર' એવોર્ડ માટે

## શ્વાબ ફાઉન્ડેશન અને જ્યુબિલન્ટ ભારતિયા ફાઉન્ડેશન દ્વારા ચાર લોકોની પસંદગી

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૨૦**

શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપ કે જે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની સંલગ્ન છે અને બિન નફાકારક સંસ્થા એવી જ્યુબીલન્ટ ભારતીયા ફાઉન્ડેશને આજે ૧૨મા સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર (એસઈઓવાય) એવોર્ડ-ભારત ૨૦૨૧ના ફાઈનાલિસ્ટની જાહેરાત કરી હતી. જેમાં અરમાન સંસ્થાનાં અપર્ણા હેગડે, એફઆઈએ ગ્લોબલના સીમા પ્રેમ, કરો સંભવ સંસ્થાનાં પ્રાંશુ સિંઘાલ અને ઉજાલા સિગ્નસના શુચીન બજાજની પસંદગી કરાઈ છે.

ઉદ્યોગ સંચાલકો અને વિવિધ ક્ષેત્રેની અને બેકગ્રાઉન્ડ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓને સમાવતી વિખ્યાત જ્યુરી એવોર્ડના આખરી વિજેતાની પસંદગી કરશે.'સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ - ઈન્ડિયા ૨૦૨૧'ના વિજેતાની જાહેરાત ૭ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ કરશે જેમાં વિશ્વભરના વિવિધ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હાજર રહેશે.

પસંદ થયેલા ફાઈનાલિસ્ટ ટેકનોલોજી સક્ષમ નિષ્ણાતો છે જેઓ માતા અને બાળ આરોગ્ય સંભાળ, વંચિતો માટે નાણાંકીય સેવા સમાવેશીતા, સર્ક્યુલર ઈકોનોમિ (ઈ-વેસ્ટ, પ્લાસ્ટિક પેકેજિંગ વેસ્ટ), બેટરી વેસ્ટ અને કાચ તેમજ વંચિતો માટે ઉચ્ચ ગુણવત્તાવાળી આરોગ્ય સંભાળ સેવાઓ ક્ષેત્રે કામ કરે છે.